RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 237* Date: 17.06.2023, Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## મુંબઈની લોકલમાં છેડતીના મુદ્દે સુપ્રિયા સુલે અને ભાજપના ચિત્રા વાઘ આમને સામને





### સીએસએમટી-પનવેલ રૂટ પર મુંબઈ લોકલ ટ્રેનમાં પરીક્ષા માટે જઈ રહેલી ૨૦ વર્ષની યુવતીની છેડતી થઈ હતી.

મુંબઈ,તા.૧૬

સીએસએમટી-પનવેલ રૂટ પર મુંબઈ લોકલ ટ્રેનમાં પરીક્ષા માટે જઈ રહેલી ૨૦ વર્ષની યુવતીની છેડતી થઈ હતી. છોકરીને એકલી જોઈને એક વ્યક્તિ સેકન્ડ ક્લાસ લેડીઝ ડબ્બામાં ઘૂસી ગયો અને તેની સાથે દુર્વ્યવહાર કરવા લાગ્યો. ટ્રેન સ્ટેશન પર રોકાયા બાદ યુવતીએ આરપીએફમાં ફરિયાદ નોંધાવી હતી. આ ઘટનાના આઠ કલાક બાદ આરોપી ઝડપાયો હતો. પરંતુ એનસીપી કાર્યકારી અધ્યક્ષ સુપ્રિયા સુલેએ ટ્વિટ કરીને તેને બળાત્કાર ગણાવ્યો અને મહિલાઓની સુરક્ષા પર સવાલો ઉઠાવ્યા. સુલેના ટ્વીટ પર બીજેપી નેતા ચિત્રા વાઘ ગુસ્સે થઈ ગયા.

ભાજપની મહિલા પાંખના પ્રમુખ ચિત્રા વાઘે પણ સુપ્રિયા સુલેને એક ટ્વીટમાં યાદ અપાવ્યું હતું કે છોકરીની છેડતી કરવામાં આવી હતી અને બળાત્કાર થયો નથી. અફવાઓ ન ફેલાવો. આ પ્રકારનું ટ્વિટ કરતાં પહેલાં તેણે ઓછામાં ઓછું પોલીસ પાસે આ મામલાની તપાસ કરવી જોઈતી હતી. સાથે જ તેમણે સુપ્રિયા સુલેને અફવાઓ ન ફેલાવવાની અપીલ કરી હતી. ચિત્રા વાઘે લોકોને અફવાઓ પર ધ્યાન ન આપવા પણ કહ્યું હતું.

તેના ટ્વિટમાં ચિત્રા વાઘે મુંબઈ રેલ્વે પોલીસ કમિશનર તરફથી એક નોટિસ ટ્વીટ કરીને લખ્યું છે કે, 'હે મહારાષ્ટ્ર કી બડી દીદી, જે રીતે દુનિયા કમળાવાળા લોકોને પીળી લાગે છે, તમારી સાથે પણ એવું જ થયું છે. હું સમજી શકું છું કે પાવરના ઓછા સ્ટ્રાઈક રેટનો આંચકો છે. સ્થાનિકમાં મહિલા પર બળાત્કાર થયો, આટલું મોટું નિવેદન આપતા પહેલા તેણે ઓછામાં ઓછા સમાચારની ખરાઈ કરી હોત.

બીજેપી નેતાએ પોતાના ટ્વીટમાં લખ્યું છે કે તમે લોકલ ટ્રેનમાં બાળકી પર બળાત્કાર થયો હોવાની વાત ટ્વિટ કરી હતી, પરંતુ આવું કંઈ થયું નથી. છોકરીને બિનજરૂરી રીતે બદનામ ન કરો. આરોપીએ યુવતીની છેડતી કરી હતી. પોલીસે તેની સામે જાતીય સતામણીનો કેસ નોંધ્યા બાદ તેની ધરપકડ કરી હતી. આ સ્થિતિ છે.

વધુમાં ચિત્રા વાઘે કહ્યું કે તમારી આ ભૂલને કારણે ખોટા સમાચાર અને અફવાઓ ફેલાવવાની શક્યતા વધી ગઈ છે.મારી તમને વિનંતી છે કે અફવા ન ફેલાવો. જનતાને અપીલ છે કે અફવાઓ પર ધ્યાન ન આપો. જો કે ચિત્રા વાઘે એમ પણ કહ્યું હતું કે કોઈ ગેરવર્તણૂક કરવાનો પ્રયાસ કરે કે ગેરવર્તણૂક કરે, બંને બાબતો ગંભીર છે.

મહિલા સુરક્ષાને લઈને કોઈ બેદરકારી રાખવામાં આવશે નહીં. લોકલમાં મહિલાઓને સલામત વાતાવરણ પૂરું પાડવાની જવાબદારી રેલવે પોલીસની છે. તેની અવગણના કરવામાં આવશે નહીં. આ માટે રેલવે હેલ્પલાઈન અને લોકલમાં મહિલાઓ સામે થતા ગુનાઓનું ઓડિટ જરૂરી છે. અને આવતીકાલે તે ચોક્કસપણે થશે.

## મણિપુરમાં શાંતિ ભંગ ,બદમાશોએ ઈમ્ફાલમાં કેન્દ્રીય મંત્રીના ઘરને બોમ્બ ફેંકી લગાવી આગ

ઈમ્ફાલ,તા.૧૬

મણિપુરમાં રહીને હિંસા થઈ રહી છે. રાજધાની ઈમ્ફાલમાં કેન્દ્રીય મંત્રી આર કે રંજન સિંહના ઘરને આગ ચાંપી દેવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું કે જ્યારે ઘટના બની, ત્યારે કેન્દ્રીય મંત્રી ઘરે ન હતા. ઈમ્ફાલમાં કર્ફ્યુ હોવા છતાં ભીડ મંત્રીના નિવાસસ્થાને પહોંચી હતી. મંત્રીના નિવાસસ્થાને સુરક્ષા જવાનો પણ તૈનાત કરવામાં આવ્યા હતા.મૈઈ અને કુકી સમુદાયો વચ્ચે બે મહિનાથી તણાવ ચાલી રહ્યો છે. થોડા દિવસ પહેલા જ ગૃહમંત્રી અમિત શાહ પહોંચ્યા હતા. ત્યાં તેણે ઘણી સભાઓ કરી અને લોકોને શાંતિની અપીલ પણ કરી. તેમણે કહ્યું હતું કે કોર્ટના આદેશને કારણે રાજ્યમાં હિંસા ફાટી નીકળી છે. સ્થાનિક ધારાસભ્યોએ તેમના ઘર આગળ બોક્સ મુક્યું છે. લખેલું છે કે લૂંટેલા અને છીનવાઈ ગયેલા હથિયારોને આ ડબ્બામાં ફેંકી દોઅધિકારીઓએ જણાવ્યું કે આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી. કેન્દ્રીય મંત્રી રાજકુમાર સિંહે કહ્યું છે કે મારા ગૃહ રાજ્યમાં શું થઈ રહ્યું છે તે જોઈને ખૂબ જ દુઃખ થાય છે.

## સંજય રાઉતને ગોળી મારવાની ધમકી મુદ્દે NCP કનેક્શન આવ્યું સામે, ૫ની ધરપકડ

મુંબઈ, તા.૧૬

શિવસેના (ઉદ્ધવ જૂથ)ના સાંસદ સંજય રાઉતને ધમકી આપવાના આરોપમાં મુંબઈ પોલીસે ૫ લોકોની ધરપકડ કરી છે. પોલીસને આશંકા છે કે, રાઉતની સુરક્ષા વધારા મયૂર શિંદે નામના દ્રઢ કાર્યકર્તાએ આ ષડયંત્ર રચ્યું હતું. મયૂર શિંદે સામે ઘણા ગુનાહિત રેકોર્ડ છે અને તેનો સંબંધ સંજય રાઉતના ભાઈ સુનીલ રાઉત સાથે હોવાનું



કહેવાય છે. શિંદે રાષ્ટ્રવાદી પાર્ટીનો કાર્યકર્તા છે. મહારાષ્ટ્રમાં ભાજપ-એકનાથ શિંદે સરકાર સત્તામાં આવ્યા બાદ સંજય રાઉતની સુરક્ષા કવરમાં ઘટાડો કરાયો હતો.

સંજય રાઉતે ગત અઠવાડિયે જ ફરિયાદ નોંધાવી હતી. મીડિયા અહેવાલો મુજબ ફરિયાદમાં કહેવાયું હતું કે, અજાણ્યા ફોન કરનારે રાઉતને ધમકી આપી હતી કે, જો તે તેની સાથે ખાનગીમાં વાત નહીં કરે તો તેને ગોળી મારી દેવામાં આવશે. ફોન કરનારે રાઉતને તેમના 'સવારના લાઉડસ્પીકર' (એટલે ??કે તેમની પ્રેસ કોન્ફરન્સ) એક મહિનાની અંદર બંધ કરવાનું પણ કહ્યું હતું... જો તેઓ આમ નહી કરે તો તેમના પર ગોળીઓ વરસાવાશે. આ મામલાની તપાસમાં પોલીસને જાણવા મળ્યું કે, બે લોકોએ દારુના નશામાં રાઉત ભાઈઓને ફોન કરીને ધમકી આપી હતી. આ મામલે કાંજુરમાર્ગ પોલીસે એક ઓટો રિક્ષા ડ્રાઈવર રિજવાન અંસારી (૨૬) અને શાહિદ અંસારી નામાના એક ઈન્ટીરિયર ડિઝાઈનરને જવાબદાર ઠેરવ્યા હતા.

## "સામાન કે રોકડની ચોરી ટ્રેનમાં થશે તો જવાબદારી મુસાફરની" : સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે ટ્રેન મુસાફરીને લઈને મહત્વનો નિર્ણય સંભળાવ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે જો ટ્રેનમાં મુસાફરી કરતી વખતે કોઈ યાત્રીના પૈસા ચોરાઈ જાય તો તેને રેલવેની સેવાઓમાં ઉણપ ન ગણી શકાય. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહની ડિવિઝન બેન્ચે ગ્રાહક ફોરમ દ્વારા પસાર કરાયેલા આદેશને ફગાવી દીધો હતો, જેમાં




રેલવેને ચોરાયેલી રોકડ પેસેન્જરને ચૂકવવાનો નિર્દેશ આપ્યો હતો. કોર્ટે કહ્યું કે જો કોઈ યાત્રીના પૈસા, ઘરેણાં કે સામાન ટ્રેનમાંથી ચોરાઈ જાય તો તેને રેલવેની સેવામાં ખામી ન ગણી શકાય.સુપ્રીમ કોર્ટે જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય ગ્રાહક મંચના નિર્ણયને ફગાવી દીધો છે. જેમાં રેલવેને એક લાખ રૂપિયા ચૂકવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. વાસ્તવમાં આ સમગ્ર મામલો એપ્રિલ ૨૦૦૫નો છે. એક વેપારી ટ્રેનમાં મુસાફરી કરી રહ્યો હતો. આ દરમિયાન તેની પાસેથી એક લાખ રૂપિયાની ચોરી થઈ હતી. રેલવેએ કન્ઝ્યુમર ફોરમના સર્વસંમત નિર્ણયને પડકાર્યો હતો. આ અંગે સુપ્રીમ કોર્ટે પોતાનો ચુકાદો આપ્યો છે. ડિસ્ટ્રિક્ટ ફોરમે ૨૦૦૬માં રેલવેને વેપારીને એક લાખ રૂપિયા ચૂકવવાનો આદેશ આપ્યો હતો. જો કે, ફોરમે ફાટેલા પેન્ટ માટે વ્યાજ અને વળતરના દાવાને ફગાવી દીધો હતો. ૨૦૧૪માં યુપી સ્ટેટ કન્ઝ્યુમર ફોરમ અને ૨૦૧૫માં નેશનલ કન્ઝ્યુમર ફોરમે આ અંગેની અપીલ ફગાવી દીધી હતી. રેલવેને સુપ્રીમ કોર્ટમાંથી રાહત મળી છે.બેન્ચે કહ્યું કે અમને એ સમજાતું નથી કે કેવી રીતે ચોરીને રેલવે દ્વારા સેવામાં ઉણપ ગણાવી શકાય. જો પેસેન્જર તેના સામાનની સુરક્ષા કરવામાં સક્ષમ ન હોય તો રેલવેને જવાબદાર ઠેરવી શકાય નહીં. હવે સુપ્રીમ કોર્ટે રેલવેને ક્લીનચીટ આપી છે.યાત્રીના અંગત સામાનની ચોરી રેલ્વે દ્વારા સેવાની ઉણપ સમાન નથી. મુસાફરે રેલ્વે પાસેથી ચોરાયેલી રકમની ભરપાઈ માટે જિલ્લા ગ્રાહક ફોરમ સમક્ષ દાવો દાખલ કર્યો હતો. એવી દલીલ કરવામાં આવી હતી કે નાણાંની ચોરી રેલવે દ્વારા આપવામાં આવતી સેવામાં ખામીને કારણે થઈ હતી.

## અમદાવાદમાં રથયાત્રાનો રૂટ જાહેર કરાયો, ભગવાન જગન્નાથ આ રૂટ પર નગરચર્યા કરશે



**આ રૂટ પર રથયાત્રા નીકળશે**

સવારે ૭ વાગ્યે-રથયાત્રાનો પ્રારંભ
૯ વાગ્યે-મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફિસ
૯.૪૫ વાગ્યે- રાયપુર ચકલા
૧૦.૩૦ વાગ્યે-ખાડિયા ચાર રસ્તા
૧૧.૧૫ વાગ્યે-કાલુપુર સર્કલ
૧૨ વાગ્યે-સરસપુર
૧.૩૦ વાગ્યે-સરસપુરથી પરત
૨ વાગ્યે-કાલુપુર સર્કલ
૨.૩૦ વાગ્યે-પ્રેમ દરવાજા
૩.૧૫ વાગ્યે-દિલ્હી ચકલા
૩.૪૫ વાગ્યે-શાહપુર દરવાજા
૪.૩૦ વાગ્યે-આર.સી. હાઈસ્કૂલ
૫ વાગ્યે-ઘી કાંટા
૫.૪૫ વાગ્યે-પાનકોર નાકા
૬.૩૦ વાગ્યે-માણેકચોક
૮.૩૦ વાગ્યે-નિજ મંદિર પરત

અમદાવાદઃ શહેરમાં ભગવાન જગન્નાથની ૧૪૬મી રથયાત્રા આગામી ૨૦મી જૂને યોજાશે. રથયાત્રાને લઈને જમાલપુર મંદિરે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. હાલ ભગવાન મામાના ઘરેથી નિજ મંદિરે પરત ફર્યા બાદ તેમને પહેરાવવામાં આવતા વાઘા, સોનાના દાગીના અને શણગાર આજે વાજતે ગાજતે ભગવાનને અર્પણ કરવામાં આવ્યા હતા.આ વખતે રથયાત્રામાં ૧૮ ગજરાજ, ૧૦૧ ટ્રક, ૩૦ અખાડા, ૧૮ ભજન મંડળી અને ૩ બેન્ડવાજા જોડાશે. સમગ્ર રથયાત્રાનો રૂટ જાહેર કરવામાં આવ્યો છે.ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રાજી અને ભાઈ બલરામ નગરયાત્રાએ નીકળે ત્યારે સરસપુર ખાતે મોસાળમાં જાય છે. મોસાળવાસીઓ દ્વારા ભગવાનની આગતા સ્વાગતા કરવામાં આવે છે અને મામેરૂ ભરાય છે. આ વર્ષે ભગવાનને મામેરામાં ત્રણેય ભગવાનના વાઘા, સોનાના ઢોળ ચડાવેલા હાર, સુભદ્રાજીને પાર્વતી શણગાર આપવામાં આવ્યો છે. પાર્વતી શણગારમાં લિપસ્ટિક, કાજલ, ચાંદલા, બેંગલ્સ, નેઈલ પોલીસ, શૃંગારની નાનીથી લઈ મોટી તમામ સામગ્રીનો સમાવેશ થાય છે. ભગવાનના મોરપિચ્છ થીમનાં વાઘા અને ઘરેણાં તૈયાર કરાયા છે. જમાલપુર જગન્નાથ મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝાએ મીડિયાને જણાવ્યું હતું કે ૧૮ જૂને રવિવારે ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજી સાથે નિજ મંદિરે પરત ફરશે. બાદમાં નેત્ર વિધિ, ધ્વજારોહણ અને મહાઆરતી યોજાશે. બપોરે સાધુ-સંતો માટે ભંડારો અને વસ્ત્રદાન થશે. સોમવારે ભગવાનનો સોનાવેશ શણગાર, પૂજન વિધિ અને મંદિર પ્રાંગણમાં રથપૂજા થશે. અષાઢ સુદ બીજના દિવસે મંગળવારે સવારે ચાર વાગ્યે મંગળા આરતી, મહાભોગ બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા પહિંદ વિધિ બાદ રથયાત્રાનો પ્રારંભ થશે.જમાલપુર જગન્નાથ મંદિર તરફથી અયોધ્યામાં રામમંદિર માટે મુગટ મોકલવામાં આવશે.

## હની ટ્રેપ : ચાંદખેડાના ડોક્ટર પાસે યુવતી-સાગરિતોએ ૫૦ લાખ માગ્યા

અમદાવાદ

સમાજમાં મોભો ધરાવતા તબીબ હની ટ્રેપનો ભોગ બન્યા. ચાંદખેડામાં રહેતા અને ઉમરેઠ ખાતે પોતાની ઓર્થોપેડિક હોસ્પિટલ ધરાવતા ડોક્ટરને ૧૦મી તારીખે એક યુવતી પગમાં દુખાવાની ફરિયાદ લઈને મળવા ગઈ અને ૧૩મી તારીખે રાત્રે અમદાવાદ ખાતે તબીબના બંગલાના બેડરૂમમાં પહોંચી ગઈ. તબીબની ફરિયાદ છે કે, તેમને હની ટ્રેપમાં ફસાવીને ૫૦ લાખ રૂપિયા માગવામાં આવ્યા, પરંતુ માત્ર ત્રણ દિવસમાં જ તબીબ અજાણી યુવતીની વાતોમાં આવીને તેની સાથે સંબંધ બાંધી ચૂક્યા હતા. ગલગલિયા કરાવતી વાતો સાંભળીને તબીબ યુવતીને પોતાના બેડરૂમમાં લઈ ગયા અને સંબંધ બાંધ્યો કે તરત જ યુવતીના સાગરિતો તબીબના ઘરે પહોંચી ગયા અને રૂપિયા ૫૦ લાખ માંગ્યા. તબીબને ડરાવવા માટે પોલીસ બોલાવવાનું નાટક કર્યું, પરંતુ ડોક્ટરે મક્કમ રહીને પોતે જ પોલીસને ફોન કરી બોલાવતા હની ટ્રેપ કરનાર યુવતી અને તેનાચાંદખેડામાં રહેતા ૩૭ વર્ષીય ડોક્ટર ઉમરેઠ ખાતે ઓર્થોપેડિક હોસ્પિટલ ધરાવે છે. ગત ૧૦ તારીખે ડોક્ટર હોસ્પિટલમાં હાજર હતા ત્યારે સજની (નામ બદલ્યું છે) નામની યુવતી હોસ્પિટલમાં પગના પંજામાં દુખાવો હોવાથી ફરિયાદ સાથે ડોક્ટરને મળવા ગઈ હતી. ડોક્ટરે તપાસ કરતા પગમાં રસોડીની ગાંઠ થઈ હોવાથી ઓપરેશન કરવાની જાણ કરી હતી. જોકે, સજનીએ પોતે અમદાવાદની રહેવાસી છું.

## તંત્રી લેખ......

# 'બિપરજોય' : નોટ બિફોર જોય, નોટ આફ્ટર જોય..!

ગુજરાત તટ પર મંડરાયેલા બિપરજોય વાવાઝોડાને કારણે તંત્રની ઊંઘ હરામ થઈ ગઈ છે. છેલ્લા સમાચાર મુજબ વાવાઝોડું થોડુંક નબળું પડ્યું છે પણ ખતરો એટલો ને એટલો છે. વાવાઝોડાની લેન્ડફોલ પછીની તીવ્રતા કેટલી હશે તેની આગાહી કરવી મુશ્કેલ છે. મીડિયામાં બધા જ હવામાનશાસ્ત્રીઓ બની ગયા છે! બ્રેકિંગ ન્યૂઝ આપી આપી વાવાઝોડાને એક જ જગ્યો સ્થિર કરી દીધું છે! વાવાઝોડું પણ જો જીવંત હોત તો જરૂર વિચારતું કે આટલું બધું મને કવરેજ મળ્યું! વાહ ભાઈ વાહ! તો તો દર પંદર દિવસે આંટો મારવા આવી જાઉ! વાવાઝોડાએ તો મીડિયા પર છવાઈ જવામાં નરેન્દ્ર મોદીને પણ હંફાવી દીધા!

છેલ્લા કેટલા વર્ષોથી ચોમાસા પહેલાં આવા વાવાઝોડાં દેશને ધમરોળતા આવ્યા છે. આ પણ મીડિયાએ જ ચગાવેલા સમાચારો છે. સોશ્યલ મીડિયા ઉપર જાતજાતનાં વાવાઝોડાં કે જે ભારતમાં કદી ઉદ્ભવ્યાં નથી એના વીડિયો અપલોડ કરી કરીને લોકો કારણ વગરનો ભય ફેલાવી રહ્યા છે. ટોર્નેડો ટાઈપના વાવાઝોડાં કદી ભારતના દરિયાકાંઠે ઉદ્ભવતા જ નથી.

વાવાઝોડું એ વર્તુળાકાર ઘૂમતું અને ભારે વેગથી ફેંકાતી હવાનું તોફાન છે, જે દરિયામાંથી પેદા થઈ જમીન પર આવે છે. અતિશય ગરમીને કારણે વાતાવરણમાં થયેલા હળવા દબાણના કારણે આકરી ગરમીથી તપી રહેલા અરબી સમુદ્રમાં સર્જાતા આ પવનો દરિયામાંથી જમીન ઉપર ત્રાટકે છે. પવનની ગતિ પણ અતિશય વધી જાય છે. વાવાઝોડાનાં નામ કેવી રીતે પાડવામાં આવે છે તેનો પણ એક રસપ્રદ ઈતિહાસ છે. અત્યારે જે વાવાઝોડું મંડરાયું છે તેનું નામ બિપરજોય જે બાંગ્લાદેશે આપેલું છે. આ પહેલાં 'ક્યાર', 'મહા', 'તાઉતે', 'વાયુ' એવા અનેક વાવાઝોડાં આવીને પૂરતી તારાજી વેરી ગયેલા છે.

છેલ્લા કેટલાય વર્ષથી કુદરત વિફરી છે. અવળચંડી માનવજાત જે ડાળ પર બેઠી છે તેને જ વાઢવા તત્પર થઈ છે. પોતાની ભૌતિક સુખ-સગવડો સાચવવા પર્યાવરણનું ધનોતપનોત કાઢી નાખવા બેઠેલી માનવજાતને હવે કુદરતના કોપનો અનુભવ થવા લાગ્યો છે. ગમે તેટલી ટેક્નોલોજી વિકસી હોય, વાવાઝોડાને નાથી શકાય એવા કોઈ ઉપકરણો શોધી શકાયા નથી. માત્ર વાવાઝોડું કેટલું આગળ વધી રહ્યું છે, કયા રસ્તે ફંટાશે એની આગાહી કરી સાવચેતીનાં પગલાં જ લઈ શકીએ છીએ. થનાર નુક્સાનને કોઈ હિસાબે અટકાવી શકતા નથી.

# એક બગાવતી ક્રાંતિકારી સુધારાવાદી રમણભાઈ પાઠક



રમણભાઈ પાઠકના નામ અને કામથી કોણ પરિચિત નથી. રમણભાઈ શરૂઆતમાં પોતાના પરિવારના વ્યવસાય એટલે કર્મકાંડ અને જ્યોતિષમાં કામ કરતા હતા પણ ધીરે ધીરે રમણભાઈને સમજાયું કે આ બધું ધતિંગ છે. અને ફક્ત રૂપિયા કમાવવા માટે જ આ બધું ધતિંગ ચાલે છે પોતાને કર્મકાંડ અંગે સત્ય સમજાઈ જતા રમણભાઈએ પોતાની કર્મકાંડની દુકાન બંધ કરીને રેશનલ રસ્તો પકડ્યો અને સમાજમાંથી અંધશ્રદ્ધા નાબૂદ કરવાનો સંકલ્પ કર્યો.

સમાજની જુનવાણી માનસિકતા બદલવા રમણભાઈએ પોતાના સમાજની કન્યા સાથે થયેલી સગાઈ તોડી નાખી અને એ જમાનામાં બીજા સમાજના સરોજબેન સાથે લગ્ન કર્યા એ પણ બે રૂપિયાના ખર્ચે એકદમ સાદાઈથી આ લગ્ન થયા. રમણભાઈ ગુજરાતના રેશનાલીઝમના પિતામહ કહેવાય છે. રમણભાઈએ મુંબઈના "હિન્દુસ્તાન દૈનિક "ના તંત્રી વિભાગમાં પછી સોવીયત રશિયાના માહિતી ખાતામાં મુખ્ય સંચાલક તરીકે તેમજ આકાશવાણી દિલ્હીમાં સમાચાર પ્રચારક તરીકે દક્ષિણ ગુજરાતની વિવિધ કોલેજોમા પ્રોફેસર તરીકે અને ત્યારબાદ પત્રકાર તરીકે કામ કર્યું હતું પત્રકાર તરીકે આપણા સુરતના જાણીતા અને માનીતા " ગુજરાતમિત્રમાં "રમણભ્રમણ "નામની કોલમ મારફત સમાજના દુષણો અંધશ્રદ્ધાઓ ધાર્મિક કુટેવો રૂપિયા કમાવવા કરાતા કર્મકાંડો સામે રીતસરનો બળવો પોકાર્યો હતો. અને જબજસ્ત વેચારિક પરિવર્તનની દિશા બનાવી

રમણભાઈને ગુજરાત યુનિવર્સિટી એ ૪૦ વરસની ઉંમરે સુવર્ણ ચંદ્રક આપી સન્માનિત કરવામાં આવ્યા હતા રમણભાઈ પાઠક જન્મે અને ક્રમે બાહ્મણ હોવા છતાંય આજીવન કર્મકાંડ અને વાહિયાત ધાર્મિક પરંપરાના સખત વિરોધી હતા.

: રમણભાઈએ જીવતા જ પોતાનું વસીયતનામું બનાવ્યું હતું રમણભાઈએ વસીયતનામા માં લખ્યું હતું કે મારાં મરણપ્રસંગે ઘીનો દીવો કરવો નહી. રામ બોલો ભાઈ રામ બોલવું નહીં ગીતાપાઠ કે અન્ય કોઈ ધાર્મિક પુસ્તકનું વાંચન કરવું નહી તેમજ મારાં કાનમાં કોઈ મંત્રો ગણગણવા નહી મારાં મોતની ખબર તાત્કાલિક કોઈને આપશો નહી કોઈને ખોટા દોડાવશો નહીં શોક કરશો નહી રોકકળ તો બિલકુલ કરતા નહી. બેસણું પણ રાખતા નહીં અને જો આનંદ કરી શકો તો ઉત્તમ. મારાં મરણ પાછળ કોઈ પણ પ્રકારની ધાર્મિક વિધિ તો કરતા જ નહી અને જો શક્ય હોય તો અગ્નિદાહ પણ ટાળજો આપણે જંગલો જાળવવા પડશે અગ્નિદાહ એ મરણોત્તર હત્યા કુત્ય છે કારણકે માણસ મર્યા પછી એક આખા વૃક્ષને હણતો જાય છે લાકડું ખુબ જ કિંમતી અને દુલર્ભ ચીજ છે. મારી પાછળ દાન કે ધર્માદો કરવો નહીં અને હા શોકસભા કે શ્રદધાંજલિ સભા તો બિલકુલ રાખતા નહી હા મારાં રેશનલ વિચારોને ફેલાવી શકે એવા કાર્યક્રમોં જરૂર કરવા

આમ એક કર્મકાંડી બાહ્મણ પરિવારમાં જન્મેલા અને પોતે પણ કર્મકાંડી એવા રમણભાઈ આજીવન અંધશ્રદ્ધા કુરિવાજ અને વાહિયાત કર્મકાંડના વિરોધી હતા તેમણે પોતાના વસીયતનામા પણ ઉચ્ચતમ વિચારો રજુ કર્યા હતા

રમણભાઈએ સમાજને વૈચારિક દિશા આપવા માટે અનેક પુસ્તકો લખ્યા હતા જેમાં ઓથાર અકસ્માતના આકાર પ્રીત બઁધાણી સબસે ઉંચી પ્રેમ સગાઈ હાસ્યલોક હાસ્યોપનીષદ આક્રોશ રમણભ્રમણ આંસુ અનરાધાર આત્મ ઝરમર સ્વર્ગ ધરતી પર છે વિવેક વલ્લભ ચિંતન લેખ સહિત માતબર સર્જન કર્યું છે

આજે નહીં તો કાલે સમાજે અંધશ્રદ્ધા અને વાહિયાત પરંપરાઓ તેમજ બિનજરૂરી કર્મકાંડમાંથી બહાર આવવું જ પડશે તો જ માનવ જીવનનું કલ્યાણ થશે

ખાસ કરીને આજકાલના પૈસા અને પ્રસિદ્ધિ ભૂખ્યા ધર્મના ઠેકેદારો પંડિતો જ્યોતિસયો અને કથાકારોએ રમણભાઈના જીવનમાંથી ઘણું બધું શીખવા જેવું છે

પૈસા માટે નિતનવી વિધીઓ અને ક્રિયાઓના ગતકડા ઉભા કરી સમાજને ધર્મના નામેં ડરાવતા ને પૈસા પડાવતા તત્વોએ રમણભાઈના પુસ્તકો ખાસ વાંચવા જોઈએ

પ્રજાએ પણ જાગૃત થવું પડશે શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચેનો તફાવત સમજવાની જરૂર છે સાચા અને ખોટા વચ્ચેનો ભેદભાવ પરખવાની જરૂર છે

અબ્બાસભાઈ કૌકાવાલા

એક બગાવતી ક્રાંતિકારી સુધારાવાદી રમણભાઈ પાઠક

# ફાદર્સ ડે - સંત રાજીન્દર સિંહજી મહારાજ

ફાદર્સ ડે - પિતા પ્રત્યે પ્રેમ અને આદર બતાવવાનો દિવસ. એક એવો દિવસ છે જ્યારે આપણે ભગવાનને યાદ કરીએ છીએ જેમણે આ બ્રહ્માંડ બનાવ્યું છે. આપણા પિતા આપણા માટે જે કંઈ કર્યું છે તેના માટે અમે તેમના આભારી છીએ. ભગવાન આપણા સાચા પિતા છે અને આપણા માટે બધું કાળજી લે છે. દરેક માતા પિતા ઈચ્છે છે કે તેમના બાળકોમાં નૈતિક ગુણ હોવા જોઈએ, તેમના બાળકો સારા વ્યક્તિ બનવા જોઈએ.



ભગવાન આપણાથી અલગ નથી. આપણું મન ઈશ્વર અને આપણી વચ્ચે અંતર બનાવે છે. આત્મા, જે ભગવાનનો ભાગ છે તે દરેક શરીરમાં રહે છે. ભગવાન ઈચ્છે છે કે આપણે આપણામાં સારા ગુણ ઉત્પન્ન કરીએ. ભગવાન ઈચ્છે છે કે આપણે તેમને પ્રેમ કરીએ અને આપણા બધા સાથીઓ પ્રેમ કરીએ. આ બ્રહ્માંડની રચના પાછળનું કારણ એ જ છે. જો ભગવાન ઈચ્છે કે આપણે ફક્ત તેની ઉપાસના કરીએ, તો તે દુતો બનાવતા, મનુષ્ય નહીં. હિન્દુ પૌરાણિક કથાઓમાં 'ગુરુ' ગ્રહ 'ગુરુ' ઓળખવામાં આવે છે. ભગવાન, અમારા દૈવી પિતા તરીકે આપણે સુરક્ષિત રાખવા અને પાછા લેવા પૃથ્વી પર સંતો અને ગુરુઓ મોકલીને અમારું રક્ષણ કરે છે. બૃહસ્પતિ ની જેમ ગુરુની કૃપા આપણને કામ (વાસના), ક્રોધ (ક્રોધ), લોભ (લોભ) ના દુન્યવી દુર્ગુણોથી સુરક્ષિત કરે છે. મોહ (આસક્તિ) અને અહંકાર (અહંકાર). ગુરુ અથવા માસ્ટર તેમના શિષ્યો માટે તેની સુરક્ષા કવચ આપે છે.બધા માનવજાત માટે ઉમદા, તેથી ખરાબ કર્મો કરવાથી આપણે સુરક્ષિત કરે છે. તે ગુરુ અથવા માસ્ટર છે, જે આપણને માર્ગદર્શન પણ આપે છે, મુશ્કેલીઓનો ભાર દૂર કરે છે જેનો આપણે આપણા જીવનમાં સામનો કરવો પડી શકે છે. ભગવાન એવી વ્યક્તિને પસંદ કરે છે જે તેમના સાથીઓની મદદ કરે છે. જે વ્યક્તિ બીજા માટે પોતાની ખુશી નું બલિદાન આપે છે તેને ભગવાન પસંદ કરે છે. આ પૃથ્વી પર ઘણી બધી આત્મા રહે છે. કેટલાક પૈસા, લોભ, શક્તિ પાછળ ચાલે છે જેનો અર્થ છે કે તેઓ વિરુદ્ધ દિશામાં પગલાં લઈ રહ્યા છે. જે લોકોની મદદ કરે છે, તેમના સાથીઓને પ્રેમ કરે છે તે ભગવાનના સાચા બાળકોને. ફાદર્સ ડે ના દિવસે જેમ આપણે આપણા પિતાને આભારી છીએ તેમ આપણે માનવ જન્મ આપવા અને હંમેશાં પ્રેમાળ રહેવા માટે ભગવાનનો આભાર માનવો જોઈએ.

આવો આપણે આ માનવ જીવનમાં આપણી આધ્યાત્મિક ધ્યેય પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરીએ. આપણી પાસે જે બધું છે તે માટે આપણે આપણા પિતા અને ભગવાનનો આભાર માનીએ. --સંત રાજીન્દર સિંહજી મહારાજ

## ગયું છે

શરીરમાં દાખલ થવા મળ્યું કે,
પાછું ઘણી મનમાની કરી ગયું છે.

દર્દ મટવાને બદલે વકરી ગયું છે,
પાછું ખાનગીમા કરગરી ગયું છે.

અમારી સાથે શું પનારો પડ્યો કે,
પાછું છૂટવાની અરજી કરી ગયું છે

ઈસ્પિતાલના બિસ્તરે દવાદારૂ મળે,
પાછું એવીતેવી સંતલસ કરી ગયું છે.

દવા,ટેસ્ટ, બાટલા રિપોર્ટના નામે,
પાછું ડોકટરની તિજોરી ભરી ગયું છે

સખીને જોઈ સાલું ગભરાઈ ગયું,
પાછું ઉભી પૂંછડીએ નાસી ગયું છે!!

ભરત વૈષ્ણવ..

## ઓળખ સોકે કચ્છજી

ઓળખ સોકે કચ્છજી
ન હોયી વલા હેન ધુનિયા કે,
કચ્છ તા સોકો ભહુ અધા
કેર અચે ઈનજી ધરા તે..!

રોળાય ૯૮' વાવઝોડે મેં કંડલાતે
ભૂકંપ મેં ડેખાણો સજી ધુનિયાકે

ગુલાબ પણ અચીને વરસી વ્યો
હાણે હી બિપોરજોય
વિસામો હેડાં કે!!!

ન હાર્યો આય કડે,ન હારીધો કડે
ખમીર જેજો બોરો પક્કો અધા
માણુએજે મેમાણ કે ત
મેણે માન ડીએ વલા....
હેન મુસીભતે કે પણ
બખ ભરે શકે... ઈ ..ત વરધાન
ખાલી મુજે મીઠડે
★"કચ્છ કે જ ભલા★"

★"અસાંજો ખમીરવંતો કચ્છ★"



શકવિતા ભદ્રા સોલંકી
(કવન) આદિપુર કચ્છ

# 'નેહરુ મેમોરિયલ મ્યુઝિયમ' હવે ઓળખાશે પીએમ મ્યુઝિયમ'ના નામે, કોંગ્રેસ નારાજ

નવીદિલ્હી,તા.૧૬

દેશની રાજધાની દિલ્હીમાં સ્થિત નેહરુ મેમોરિયલ મ્યુઝિયમ અને લાઇબ્રેરીને લઈ મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, નેહરુ મેમોરિયલ મ્યુઝિયમ અને લાઈબ્રેરીનું નામ બદલી દેવામાં આવ્યું છે. હવે તે પ્રાઈમ મિનિસ્ટર મ્યુઝિયમ અને લાઈબ્રેરી તરીકે ઓળખાશે. નહેરુ મેમોરિયલનું નામ બદલવાને લઈને કોંગ્રેસે મોદી સરકાર પર નિશાન સાધ્યું છે. કોંગ્રેસના નેતા જયરામ રમેશે કહ્યું કે, મોદી સંકુચિત માનસિકતા અને બદલો લેવાનું બીજું નામ છે.

નેહરુ મેમોરિયલ મ્યુઝિયમ એન્ડ લાઈબ્રેરી સોસાયટીની ખાસ બેઠકમાં તેનું નામ બદલીને વડાપ્રધાન મ્યુઝિયમ એન્ડ લાઈબ્રેરી સોસાયટી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ વિશેષ બેઠકની અધ્યક્ષતા રક્ષા મંત્રી રાજનાથ સિંહે કરી હતી. ૨૦૧૬માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તીન મૂર્તિ સંકુલમાં ભારતના તમામ વડાપ્રધાનોને સમર્પિત એક સંગ્રહાલય સ્થાપિત કરવાનો વિચાર રજૂ કર્યો હતો .એનએમએમએલની કારોબારી પરિષદ દ્વારા ૨૫ નવેમ્બર ૨૦૧૬ના રોજ તેની ૧૬૨મી બેઠકમાં આને મંજૂરી આપવામાં આવી હતી. હવે આ પ્રોજેક્ટ પૂર્ણ થયો છે અને વડાપ્રધાનનું મ્યુઝિયમ ૨૧ એપ્રિલ ૨૦૨૨ના રોજ લોકો માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલને લાગ્યું કે, સંસ્થાનું નામ વર્તમાન પ્રવૃત્તિઓનું પ્રતિબિંબ હોવું જોઈએ, જેમાં એક નવું મ્યુઝિયમ સામેલ છે, જે સ્વતંત્ર ભારતમાં લોકશાહીની સામૂહિક યાત્રા અને રાષ્ટ્રનિર્માણમાં દરેક વડાપ્રધાનના યોગદાનને દર્શાવે છે. મ્યુઝિયમ રિનોવેટેડ અને રિફર્બિશ્ડ નેહરુ મ્યુઝિયમ ઈમારતથી શરૂ થાય છે, જે જવાહરલાલ નહેરુના જીવન અને યોગદાન પર ટેક્નોલોજીની રીતે અદ્યતન પ્રદર્શનો સાથે સંપૂર્ણપણે અપડેટ કરવામાં આવ્યું છે.

કોંગ્રેસના નેતા જયરામ રમેશે ટ્વીટ કર્યું કે, મોદી સંકુચિતતા અને બદલો લેવાનું બીજું નામ છે. ૫૯ થી વધુ વર્ષોથી નેહરુ મેમોરિયલ મ્યુઝિયમ અને લાઈબ્રેરી વૈશ્વિક બૌદ્ધિક

# નડિયાદના ન્યુ ભારત નગરમાં દુષિત પાણી આવતા લોકો ભારે પરેશાન



નડિયાદ: નડિયાદ શહેરના રિમાન્ડ હોમ ની પાછળ આવેલ ન્યુ ભારત નગરમાં છેલ્લા કેટલાક દિવસથી દુર્ગંધયુક્ત પાણી આવતું હોવાથી રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિક નગરસેવકો દ્વારા ગટરની સફાઈ કરાવીને પીવા લાયક પાણીનો પુરવઠો પૂરો પાડવામાં આવે તેવી માંગણી આ વિસ્તારમાં રહીશો દ્વારા કરવામાં આવી રહી છે. નડિયાદ શહેરના વોર્ડ નંબર ત્રણ માં આવેલ ન્યુ ભારત નગર વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસથી દુર્ગંધ યુક્ત પાણી આવતું હોવાની ફરિયાદ ઉઠી રહી છે. આ પાણી પીવાલાયક ન હોવાથી આ વિસ્તારમાં રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિક નગરસેવક દ્વારા ગટરની યોગ્ય સફાઈ કરાવીને લિકેજ શોધી પીવાલાયક શુદ્ધ પાણી પૂરું પાડવામાં આવે તે માટે રજૂઆત પણ કરવામાં આવી છે. જોકે, હજી સુધી લોકોના ઘરમાં શુદ્ધ પાણી પહોંચ્યું નથી. દુર્ગંધયુક્ત અશુદ્ધ પાણી પીવાથી બિમારી ફેલાવાની ભિતી પણ જોવા મળી રહી છે.આ બાબતે વોર્ડ નંબર ત્રણના કાઉન્સિલર સંજય સચદેવે જણાવ્યું હતું કે, આ મામલે ચીફ ઓફિસરને રજૂઆત કરવામાં આવતાં તેઓએ પંપિગ સ્ટેશન બનાવવાની બાંહેધરી આપી હતી.

# કચ્છના માંડવીમાં સર્જાયા તબાહીના દ્રશ્યો, વૃક્ષો, વીજપોલ ધરાશાયી

ભુજ,તા.૧૬

બિપરજોય વાવાઝોડાને લઈ કચ્છમાં અનેક વિસ્તારોમાં તબાહીના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. અનેક રસ્તાઓ પર વૃક્ષો ધરાશાયી થયેલા દ્રશ્યો જોવા મળી રહ્યા છે.

માંડવીમાં તબાહીના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. બિપરજોય વાવાઝોડુ કચ્છ માં પહોંચ્યા બાદ ભારે પવન ફૂંકાયો હતો અને વરસાદ પણ ખૂબ જ વરસ્યો હતો. માંડવીમાં પણ ભારે પવન અને વરસાદની અસર વર્તાઈ હતી. માંડવીમાં અનેક વિસ્તારોમાં વૃક્ષો ધરાશાયી થયા હતા. લગભગ ૧૦૦ જેટલા વૃક્ષો એકલા માંડવીમાં પડ્યા હતા. જ્યારે કેટલાક સ્થળે વીજપોલ પણ ધરાશાયી થયા હતા. માંડવીમાં અનેક સ્થળે શેડ ઉડવા અને ગલ્લાઓ પણ રસ્તાઓ પર ફંગોળાયેલા જોવા મળ્યા હતા. માંડવીના રસ્તાઓ પર વાહન વ્યવહાર પણ મુશ્કેલ બની ચૂક્યો છે.

કચ્છના અનેક વિસ્તારોમાં ભારે પવન ફુંકાવા સાથે વરસાદ ગુરુવારથી વરસી રહ્યો છે. માંડવીમાં પણ મોડી રાત્રે અને શુક્રવારે વહેલી સવારે આવી જ રીતે વરસાદ વરસ્યો હતો. જેને લઈ અનેક રસ્તાઓ પર પાણી ભરાયા હતા. રસ્તાઓ પર વૃક્ષો ધરાશયી થયેલા જોવા મળવા એ સામાન્ય દ્રશ્યો લાગી રહ્યા છે. આગાહીનુસાર આજે એટલે કે શુક્રવાર સાંજ સુધી આવી જ સ્થિતી રહેવાની સંભાવના વર્તાઈ રહી છે. બચાવ અને રાહતની ટીમો કચ્છમાં કામે લાગી ચૂકી છે. તેમના દ્વારા યુદ્ધના ધોરણે કાર્યવાહી શરુ કરવામાં આવી છે.

# બંગાળ પંચાયત ચૂંટણી પહેલા હિંસાઃકોલકાતા હાઇકોર્ટે સેન્ટ્રલ ફોર્સની તૈનાતીનો નિર્દેશ આપ્યો



પશ્ચિમ બંગાળમાં ૮ જુલાઈએ પંચાયત ચૂંટણી યોજાવાની છે. મતદાન પહેલા રાજ્યમાં ઘણી જગ્યાએ હિંસા થઈ રહી છે. જેના સંદર્ભમાં કોલકાતા હાઈકોર્ટે રાજ્યના તમામ જિલ્લામાં કેન્દ્રીય સુરક્ષા દળોને તૈનાત કરવાના નિર્દેશ આપ્યા હતા.કોર્ટે કહ્યું કે રાજ્ય ચૂંટણી પંચે ૪૮ કલાકની અંદર કેન્દ્રીય દળો માટે કેન્દ્રને વિનંતી કરવી પડશે. પરંતુ રાજ્ય સરકારે કોર્ટના નિર્ણય સામે રિવ્યુ પિટિશન દાખલ કરી છે.આ દરમિયાન શુક્રવારે પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોઝ દક્ષિણ ૨૪ પરગણાના ભાંગર પહોંચ્યા, જ્યાં છેલ્લા ઘણા દિવસોથી હિંસા ચાલી રહી છે.તેણે કહ્યું, મેં હિંસા પીડિતો અને સ્થાનિક લોકો સાથે વાત કરી. હું બંગાળના લોકોને આશ્વાસન આપું છું કે હિંસા આચરનારાઓ સામે દેશના બંધારણ અને કાયદા હેઠળ કાર્યવાહી કરવામાં આવશે અને શાંતિપૂર્ણ વાતાવરણ બનાવવામાં આવશે.બેન્ચે નોંધ્યું હતું કે સંવેદનશીલ વિસ્તારોને ઓળખવા અને દળોની તૈનાતીની સૂચના મંગળવારે પણ આપવામાં આવી હતી, પરંતુ આ સંદર્ભે કોઈ પ્રશંસનીય પગલાં લેવામાં આવ્યા ન હતા.જ્યારે રાજ્ય ચૂંટણી પંચ કહે છે કે કાયદો અને વ્યવસ્થાના દષ્ટિકોણથી સંવેદનશીલ વિસ્તારોને ઓળખવામાં થોડા દિવસો લાગી શકે છે, ત્યારે કોર્ટે કહ્યું કે વધુ સમય લેવાથી વધુ નુકસાન થશે.પશ્ચિમ બંગાળમાં વિપક્ષના નેતા શુભેન્દુ અધિકારી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર આ આદેશ આપવામાં આવ્યો હતો. વાસ્તવમાં પશ્ચિમ બંગાળના ચૂંટણી કમિશનર રાજીવ સિન્હાએ ૮મી જૂને એક પ્રેસ કોન્ફરન્સમાં પંચાયત ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરી હતી. આ પછી ભાજપ અને કોંગ્રેસ દ્વારા બે જાહેર હિતની અરજીઓ દાખલ કરવામાં આવી હતી.જેમાં રાજ્ય ચૂંટણી પંચ દ્વારા પંચાયતની ચૂંટણી માટે બહાર પાડવામાં આવેલા નોટિફિકેશનના કેટલાક ભાગોને પડકારવામાં આવ્યા હતા. બીજી અરજીમાં કેન્દ્રીય દળ તૈનાત કરવાની માંગ કરવામાં આવી હતી.

ચૂંટણીની તારીખને લઈને કોર્ટે ૮ જુલાઈને બદલે ૧૪ જુલાઈએ મતદાન કરાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે. સાથે જ કેન્દ્રીય દળો માટે હાઈકોર્ટનો આદેશ પણ આવ્યો છે.પંચાયત ચૂંટણી માટે નોમિનેશન દરમિયાન રાજ્યમાં ઘણી જગ્યાએ હિંસક અથડામણ થઈ હતી.

# દેશમાં ૧૦૦થી વધુ મોબાઈલ એપ્સનું મોનિટરિંગ

કેન્દ્ર સરકારે મોબાઈલ એપ્સ દ્વારા થતા ગુનાઓને રોકવા માટે મોટી તૈયારીઓ કરી છે. ગુપ્તચર એજન્સીઓએ દેશમાં ચાલતી ૧૦૦થી વધુ મોબાઈલ એપ્સને શંકાસ્પદ માનીને તેની પર નજર રાખવાનું શરૂ કર્યું છે. કેન્દ્રીય એજન્સીઓ સાથે જોડાયેલા સૂત્રોનું કહેવું છે કે એપનું ક્રાઈમ નેટવર્ક ૫ હજાર કરોડ રૂપિયા કરતાં વધુ છે.



વોલરેન્ટ, આયત ગન સિમ્યુલેટર, ટીમ ફાઈટ, રોયટ (હિન્દીમાં હુલ્લડનો અર્થ થાય છે) અને ડિસકોર્ડ જેવી ઘણી એપ્સ છે, જે ધર્મ પરિવર્તનની શંકાસ્પદ છે. ગેમમાં આગળ વધવા માટે કુરાની શ્લોકોના સવાલ પુછવામાં આવે છે. જવાબો મેળવવાની પ્રક્રિયામાં, ઝાકિર નાઈક જેવા મુસ્લિમ ધાર્મિક નેતાઓના વીડિયો શેર કરવામાં આવે છે, જેમને જોતાની સાથે જ પ્રશ્નોના જવાબો મળી જાય છે. પછી અંતે તેમનું બ્રેઈનવોશ કરીને તેમની સાથે કોઈ વ્યક્તિ સતત સંપર્કમાં રહે છે. તે હિંદુ નામ ધરાવતી મુસ્લિમ વ્યક્તિ જ હોય છે.

હવે આ એપ્સના નામ સામે આવી રહ્યા છેપ ઘણી એવી એપ્સ છે જે માનવ તસ્કરીનું ટુલ બની ગઈ છે. આમાં જોબઈન એબ્રોડ, ગલ્ફ જોબ, યુકે-યુએસ જોબ વગેરે અગ્રણી છે. આના દ્વારા લોકોને ખાસ કરીને છોકરીઓને વિદેશમાં નોકરીની લાલચ આપવામાં આવે છે. ઘણી વખત લોકોને રુપિયા પડાવીને વિદેશ લઈ જઈને છોડી દેવામાં આવે છ

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NOG SS No -106
વિષય:- માન સન્માન શીર્ષક-"હા એમને આપું છું!"
પ્રકાર-અછાંદસ કાવ્ય
શબ્દ:-૧૨૮
નામ:-મુક્તિદા કુમાર 'મનચલી'
-----
આપું માન સન્માન ભગવાનને!
હા ઈષ્ટ દેવને.
આપું માન સન્માન,
જન્મ દાતાને !
વળી આપું,ભાઈ બહેનને. આપું માનસન્માન
પતિદેવને!
હા,એનાં કુટુંબીજનને!
આપું માન સન્માન
વહાલાં દવલાં સૌને!
હા જ તો વળી કરે, અપમાનિત એમને!
કરું દુશ્મનોને નમન દૂરથી,
પણ આપું!
માન સન્માન હેતથી!
કામ કરું તો ખંતથી,
ના આડું,ના અવળું
જોઉં ધ્યાનથી!
આપું
માન સન્માન આપને,
આપું માન સન્માન સૌને!
હા હું આપું,
માન સન્માન મારી જાતને!
હા મેં નથી વેંચ્યું,
કે નથી વહેંચવું !
"માન ન માન-
મૈં તેરા મહેમાન"!
વગર મહેનતનું
માન સન્માન ?
આપું ન આપું?
ખબર છે ખોટું છે!
ખુશી આપે કે દુઃખ દર્દ .
રાજી કરું છું લોકને!
હા એમને આપું,
માન સન્માન!
આપું એમને,
"હા આપું એમને"
દિલથી માન સન્માન!

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

★દ. ં. ૨. જી. જી.ર્દ૦૧૦૨★.
★વિષય:-માન સન્માન★.
★શીર્ષક:-માન સન્માનનું મહત્વ★.
★શબ્દ સંખ્યા:-૧૭૦★.
★લેખકનુંનામ:-રતીલાલવાયડા★
★રચના★:-

જો આપણે બીજાને માન આપીએ તો જ આપણે સામેથી સન્માન મળે છે .આમ માન મેળવવાના માટે માનવીની પાત્રતા પણ હોવી જરૂરી છે.

માતા, પિતા, ગુરુજનો,વડીલો, શિક્ષકો અને મોટા માણસોનું આપણે જો માન સન્માન રાખીએ તો તેઓની કૃપા હંમેશા આપણી ઉપર હોતી હોય છે અને તેઓ પણ આપણે સમયે સમયે સન્માન આપતા હોય છે.

★માન સન્માન મેળવવા માટે માનવીએ સેવા કાર્ય તેમજ ઉમદા કાર્યો કરવા એ જરૂરી છે★. જો આવું કરવામાં આવે તો સમાજમાં તેને માનસન્માન મળતું હોતું હોય છે.

★માન સન્માન મેળવવા માટે ઘણીવાર આર્થિક રીતે પણ મદદરૂપ થવું પડતું હોતું હોય છે★. કોઈ સંસ્થાને મદદ કરવી કોઈ દાન ધર્મ કરવા અને આ રીતે કાર્ય કરવામાં આવે તો સામેથી લોકોનું સન્માન કરવામાં આવે છે.

મોટેભાગે રાજકીય સન્માન પણ ખૂબ થતા હોય છે કારણ કે નેતાઓએ ઘણા બધા લોકકાર્યો કરેલા હોય છે અને લોકો તેનું જાહેર માં સન્માન કરે છે અને મોટા સમારંભો આ સન્માન માટે યોજવામાં આવે છે.

માનસંમાન મેળવવા માટે ઉમદા કાર્યો કરો. લોકોની સેવા કરો .તો સામેથી તમને માન અને સન્માન બંને પ્રાપ્ત થશે.

# ખાલી બાટલાનો ફિલોસોફિકલ ઈન્ટરવ્યુ!!!

અચાનક ફોન રણક્યો.( ગિરધરભાઇ ફોન અચાનક જ રણકે. શો કોઝ નોટિસ કે સમન્સ કે જામીનલાયક કે બિનજામીનલાયક વોરંટ ઈસ્યું ન કરે. કૂકડાની જેમ ખાલી ફૅંકાફૅંક કરો છો!!)

સામા છેડે બખડજંતર ચેનલના સર્વેસર્વા બાબુલાલ બબુચક હતા.( બબુચક અમે સ્ટાફે પાડેલ નામ છે. બાબુલાલે વિગતો લખાવી અને કવરેજ કરવા હુકમ કર્યો.

હું -ગિરધરલાલ ગરબડીયા-સિનિયર રિપોર્ટર ( ભૈ જુનિયર કોઇ નથી એટલે જુનિયર એ જ સિનિયર કહેવાય છે. સિનિયર રિપોર્ટર રહેવાથી વજન પડે છે. જો કે, હું થીન વેફર જેવો હેવિવેઇટ છું.!!!)અને ઓલટાઈમ ગ્રેટ રાજુ રદી અમારી રામપિયારી લઈને સ્પોટ ખાતે પહોંચ્યા.

ગામને પાદર બાટલે બાટલા. પહેલી નજરે તો બાટલાનું ઓપન ગોડાઉન લાગે.

થોડો આગળ ગયા તો જેમ વિક્રમ વેતાળ વાર્તા ફેઈમ વેતાળ ઝાડ પર લટકતો હતું તેમ બાટલો લટકતો હતો!!

" તમને કેવું લાગે છે?" અમે બાટલાભાઈને પત્રકાર જગતમાં ઈન્ટરવ્યુ સમયે પૂછાતો પ્રશ્ન પૂછ્યો! ( એક વાર ગમખ્વાર અકસ્માતમાં નવજાત મૃતદેહને અમે આદતવશ આ સવાલ પૂછેલો. " બહુ સારૂ લાગે છે." એમ કહી મડદાએ અમારી જાત બચાવેલી બોલો?!!)

" શું લાગે છે ? એની માનેપ.." બાટલો અકળાયો.

" સંયમ રાખો સભ્ય ભાષામાં જવાબ આપો"અમે વિનંતી કરી.

" પહેલાં મને નીચે ઉતારો.શરીર અકળાઇ ગયું છે, પ્લીલીલીઈઈઝ" અકળાયેલા બાટલાએ વિનંતી કરી.રાજુ અને અમોએ બાટલાને નજાકતથી વૃક્ષ પરથી નીચે ઉતાર્યો.

" હાશ.હવે જીવમાં જીવ આવ્યો હોય તેમ લાગે છે. હવે સમજાય છે કે પ્રભુ ઈશુને કેટલી યાતના થઇ હશે! મને તો સાલ્લાઓએ ત્રિશંકુની જેમ ચાર વરસથી લટકાવી દીધેલો!" બાટલો સડસડાટ બોલવા માંડ્યો.

" એ તો સમજ્યા ,પણ તમે વૃક્ષ લગી કેવી રીતે પહોંચ્યા ? તે વિશે જણાવશો?" અમે શ્રીયુત બાટલાને પૂછ્યું.

ધ્રુસ્કે ધ્રુસ્કે રડતા શ્રીમાનબાટલાચંદ્ર બોલ્યા," સર્વ સમસ્યાનું મૂળ રિકતતા, ખાલીપણુ, બિનઉપયોગીપણું છે."

"જરા વિગતે સમજાવશો?અમારી ( મંદ) બુધ્ધિ છે

" જુઓ. જયારે હું કચ્છડાની માફક છકડો બારે માસમાં આ મુફલીસના ઘરે આવેલો ત્યારે નંદઘેર આનંદ ભયો જય બાટલાલાલ કી ! મેં રીક્ષામાંથી ઉતર્યો ત્યારે હું ડઘાઇ ગયેલો. કયાં હું મહેલોમાં મહાલનાર અને કયાં સુદામાની ઝૂંપડી ?" મને વાપરીને ચા, રોટલા, ખીચડી , શાક કરીને રાજી થયા. એક દિવસ સ્ટવમાં લાલ ભડકા થયા અને સ્ટવ બંધ થઇ ગયો. મને આમતેમ હલાવ્યો. હું ખાલી હતો. મારું અમે સ્ટવનું ટૂંકું સહજીવન પૂરું થયું. સ્ટવને માળિયે અને વૃક્ષના ગાળિયે." વધુ બોલતાં બાટલો આંસુ રોકી ન શકયો.અમે સાંત્વન આપ્યું .

" તમારી જગ્યાએ બીજો ભરેલો બાટલો ન આવ્યો ?" અમે પૂછયું.

" ટુંકી આવકમાં ચાર છેડા માંડમાંડ ભેગા કરતા હોય તેમને મોંઘા ભાવનો બાટલો કયાંથી પોસાય?" બાટલાકુમાર તિરસ્કારપૂર્વક બોલ્યા.

દુનિયાન તમારો સંદેશ શું છે?" અમે આખરી સવાલ કર્યો.

" દોસ્તો. ભરેલા રહો ત્યાં સુધી જ તમારી કિંમત છે. ખાલી ચણો વાગે ઘણો એવી કહેવત છે તે બાટલા કે બાટલા સમુદાયને લાગુ પડતી નથી.એકટરની ડીમાંડ હોય ત્યારે પ્રોડયુસર,ડિરેક્ટર, સ્પોન્સર્સ, એડવર્ટમેન્ટ એજન્સી, હીરોઈનની, ફેન્સની ભીડભાડ રહે છે. અન્યથા શેરીનું કૂતરાં સૂંઘવા જતા નથી. સન્નાટો, ખાલીપો, એકલતા, અવગણના, અપમાન માનવીને ઉધઇની જેમ કોરી નાંખે છે. માબાપ પાસે મિલકત હોય ત્યાં સુધી ગોળના દડબા પર માખી બણબણ તેમ સંતાનો આવશે. પણ મિલકત આપી દીધા પછી માબાપ ઘરડાઘરમા ધકેલાઇ જાય છે. મદિરાની બોટલની કિંમત ચાર સોથી લઈ કરોડ હોય પણ મદ્ય પીવાઇ જાય પછી ખાલી બાટલી રદીના ભાવે રૂપિયેરોડે વેચાઇ જાય છે! ટુથપેસ્ટ હોય ત્યાં સુધી જ ટ્યુબની કિંમત છે, ખાલી એટલું ખાલી. સાહેબ તમારી કિંમત પણ પાણીમાં આંગળી બોળીને પાછી લઇ લો પછી કશી જ નથી. ભગવાન આવતા ભવે કોઇ યોજનાનો નહીં પણ ઓપન બજારનો બાટલો બનાવે તેવી પ્રાર્થના કે જેથી વૃક્ષ પર બાટલાફાંસો ખાવો ન પડે!!

ચારે બાજુ કાચની કરચોની માફક ખાલીપો વેરાતો રહ્યો!!!

**ભરત વૈષ્ણવ**

# એમસીએક્સ પર કોટનના વાયદામાં ૯૬૦ ખાંડીના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૨૩,૨૮૦ ખાંડીના સ્તરે

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૩,૧૦,૮૫૬ સોદાઓમાં કુલ રૂ.૨૦,૧૦૫.૨૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૭,૫૫૪.૯૮ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૧૨૫૩૨.૯૩ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૪,૭૨૩ સોદાઓમાં રૂ.૪,૨૪૩.૬૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯,૩૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૫૩૭ અને નીચામાં રૂ.૫૯,૨૩૪ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૪૦ વધી રૂ.૫૯,૪૯૫ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જૂન કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૦૩ વધી રૂ.૪૭,૯૮૪ અને ગોલ્ડ-પેટલ જૂન કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૦ વધી રૂ.૫,૯૩૬ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૭ વધી રૂ.૫૯,૩૬૬ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૨,૩૨૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૨,૫૮૦ અને નીચામાં રૂ.૭૨,૦૨૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૭૪ વધી રૂ.૭૨,૫૦૦ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૩૩૬ વધી રૂ.૭૨,૪૭૨ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૩૨૨ વધી રૂ.૭૨,૪૫૩ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૨,૩૯૧ સોદાઓમાં રૂ.૧,૪૦૯.૬૯ કરોડના વેપાર થયા હતા. તાંબુ જૂન વાયદો રૂ.૭૩૬.૪૦ના ભાવે ખૂલી, રૂ.૧.૮૦ ઘટી રૂ.૭૩૩.૪૫ જ્યારે એલ્યુમિનિયમ જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧ વધી રૂ.૨૦૫.૫૫ તેમ જ સીસું જૂન કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૫ વધી રૂ.૧૮૫ના ભાવ થયા હતા. જસત જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧.૩૫ વધી રૂ.૨૨૪ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની જૂન વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૮૫ વધી રૂ.૨૦૫.૬૫ સીસુ-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૦ વધી રૂ.૧૮૪.૮૫ જસત-મિની જૂન વાયદો રૂ.૧.૩૦ વધી રૂ.૨૨૩.૫૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૫૨,૧૪૦ સોદાઓમાં રૂ.૧,૮૮૯.૦૬ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૫,૭૬૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૭૯૯ અને નીચામાં રૂ.૫,૭૨૪ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૧ ઘટી રૂ.૫,૭૬૫ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની જૂન વાયદો રૂ.૩૦ ઘટી રૂ.૫,૭૬૫ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ જૂન વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૦૯ના ભાવે ખૂલી, રૂ.૩.૩૦ વધી રૂ.૨૧૨.૬૦ અને નેચરલ ગેસ-મિની જૂન વાયદો ૩.૩ વધી ૨૧૨.૭ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૧૨.૫૬ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલો દીઠ રૂ.૧,૫૮૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧,૫૮૯ અને નીચામાં રૂ.૧,૫૮૯ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૯ વધી રૂ.૧,૫૮૯ થયો હતો. કોટન ખાંડી જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૭,૩૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૭,૩૪૦ અને નીચામાં રૂ.૫૭,૧૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૦૦ ઘટી રૂ.૫૭,૧૮૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ જૂન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૬.૪૦ ઘટી રૂ.૯૨૫.૫૦ બોલાયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૮૫૩.૮૩ કરોડનાં ૩,૧૨૦.૧૯૪ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૩૮૯.૮૪ કરોડનાં ૩૨૮.૯૯૯ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૬૭૨.૫૫ કરોડનાં ૧૧,૫૯,૭૩૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૧,૨૧૬.૫૧ કરોડનાં ૫,૭૪,૯૬,૨૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૫૪.૯૬ કરોડનાં ૭,૫૧૮ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૬૧.૪૭ કરોડનાં ૩,૩૨૮ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૭૯૯.૩૮ કરોડનાં ૧૦,૮૫૫ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩૯૩.૮૮ કરોડનાં ૧૭,૬૦૧ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૫.૫૫ કરોડનાં ૯૬૦ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૬.૯૮ કરોડનાં ૭૪.૮૮ ટનનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૭૭૮.૦૫૪ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૮૦.૩૨૦ ટન, તાંબાના વાયદાઓમાં ૧૭,૪૦૭.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૧,૨૨૯ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૨,૯૭૪ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૭,૨૫૩ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧૫,૦૮,૬૬૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૩,૭૪,૮૭,૦૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૨૩,૨૮૦ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૩૦૭.૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૧૭.૩૪ કરોડનાં ૨૧૬ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૬૫૧ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ જૂન વાયદો ૧૬,૦૪૧ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૦૮૫ અને નીચામાં ૧૬,૦૧૦ બોલાઈ, ૭૫ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૫૫ પોઈન્ટ વધી ૧૬,૦૭૭ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૧૨૫૩૨.૯૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૭૫૪.૮૬ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૨૧૧.૨૩ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૭૧૭૪.૬૭ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૩૮૪.૬ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૩૪૦.૭૫ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જુલાઈ રૂ.૫,૮૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૫૧.૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૭૨.૨૦ અને નીચામાં રૂ.૨૪૧.૮૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨.૧૦ ઘટી રૂ.૨૬૧.૯૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૨૧૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૮.૨૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૧.૧૫ અને નીચામાં રૂ.૭.૯૫ રહી, અંતે રૂ.૨.૩૦ વધી રૂ.૧૦.૬૫ થયો હતો.

સોનું જુલાઈ રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૪૨.૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦૫ અને નીચામાં રૂ.૪૯૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૧ વધી રૂ.૫૯૫.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની જૂન રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭૧ ખૂલી, ઊપરમાં રૂ.૨૨૦ અને નીચામાં રૂ.૧૫૫ રહી, અંતે રૂ.૩૧ વધી રૂ.૨૧૬.૫૦ થયો હતો.

ચાંદી જૂન રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧

આભાર - નિહારીકા રવિયા કિલોદીઠ રૂ.૧,૦૪૫.૦૦ના ભાવે ખૂલી, રૂ.૨૯૯ વધી રૂ.૧,૨૯૧ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૯૫૦.૦૦ના ભાવે ખૂલી, રૂ.૨૪૫.૫૦ વધી રૂ.૧,૧૦૬.૫૦ થયો હતો. તાંબુ જૂન રૂ.૭૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૩૫ વધી રૂ.૧.૫૯ જસત જૂન રૂ.૨૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૯ વધી રૂ.૪.૨૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જુલાઈ રૂ.૫,૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૦૪.૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૨૧.૮૦ અને નીચામાં રૂ.૧૯૧.૩૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૩.૨૦ વધી રૂ.૨૦૨.૫૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૨૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૫ ખૂલી, ઉપરમાં રૂ.૫.૦૫ અને નીચામાં રૂ.૪ રહી, અંતે રૂ.૦.૫૫ ઘટી રૂ.૪.૨૫ થયો હતો.

સોનું જુલાઈ રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૭૪.૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૦૫ અને નીચામાં રૂ.૨૭૨ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫ ઘટી રૂ.૨૭૬ થયો હતો, જ્યારે સોનું-મિની જૂન રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૯૭.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૪૦ અને નીચામાં રૂ.૨૬૯ રહી, અંતે રૂ.૬ ઘટી રૂ.૨૯૭.૫૦ થયો હતો.

ચાંદી જૂન રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૭૯૦.૦૦ના ભાવે ખૂલી, રૂ.૮૦ ઘટી રૂ.૮૩૩.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૭૨૭.૦૦ના ભાવે ખૂલી, રૂ.૭૧.૫૦ ઘટી રૂ.૬૭૭ થયો હતો.

# પીએમ મોદી ૨૧ જૂને યુએનમાં યોગસત્રનું નેતૃત્વ કરશે વિશ્વને પ્રાચીન પરંપરાનો પાઠ શીખવશે

વર્ષ ૨૦૧૪માં સંયુક્ત રાષ્ટ્ર સંઘે ૨૧ જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે જાહેર કર્યો હતો. ત્યાર બાદ વિશ્વએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસને સાચા અર્થમાં અપનાવ્યો છે.પીએમ મોદી ૯મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર સંયુક્ત રાષ્ટ્રના મુખ્યાલયમાં પ્રથમ વખત યોગ સત્રનું નેતૃત્વ કરવા જઈ રહ્યા છે જે ભારત માટે ગર્વની વાત હશે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો હેતુ સમગ્ર વિશ્વમાં જાગૃતિ લાવવાનો છે.



તમને જણાવી દઈએ કે ભારત સંયુક્ત રાષ્ટ્રમાં સ્થાયી પ્રતિનિધિ છે અને સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના મંચ પરથી આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો પ્રસ્તાવ મૂક્યાના ૯ વર્ષ બાદ પહેલીવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ દિવસે યુએનમાં યોગ સત્રનું નેતૃત્વ કરશે. યોગ સત્ર ૨૧ જૂનના રોજ સવારે ૮ થી ૯ દરમિયાન સંયુક્ત રાષ્ટ્રના મુખ્યાલયના નોર્થ લોનમાં યોજાશે.આ સ્થાન પર ગયા વર્ષે ડિસેમ્બરમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની અધ્યક્ષતા દરમિયાન દેશના પિતા મહાત્મા ગાંધીની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી હતી.

આ ઐતિહાસિક યોગ સત્રમાં યુએનના ટોચના અધિકારીઓ, રાજદૂતો, રાજદૂતો, સભ્ય દેશોના પ્રતિનિધિઓ તેમજ વૈશ્વિક અને ડાયસ્પોરા સમુદાયના અગ્રણી સભ્યો ભાગ લે તેવી અપેક્ષા છે. મહેમાનો અને ઉપસ્થિતોને યોગ મૈત્રીપૂર્ણ પોશાક પહેરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે અને વિશેષ યોગ સત્ર માટે તેમને યોગ મેટ આપવામાં આવશે.

સંયુક્ત રાષ્ટ્ર મહાસભાન ૭૭માં સત્રમાં અધ્યક્ષ સબા કોરોસીએ એક ટ્વીટમાં કહ્યું હતું કે, 'હું આગામી યુએન હેડક્વાર્ટરના ઉત્તરી લોન પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે યુએનના ૯મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં ભાગ લેવા માટે ઉત્સાહિત છું' આ ટ્વીટમાં પીએમ મોદી સાથે કોરોસીની તસવીર પણ છે. પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૧૫ માં ઉજવવામાં આવ્યો હતો. ત્યારથી તે યુનાઈટેડ નેશન્સ, ટાઈમ્સ સ્ક્વેર અને વિશ્વભરના આઈકોનિક સ્થાનો પર અસંખ્ય સત્રો અને ઈવેન્ટ્સ સાથે ચિહ્નિત થયેલ છે જે યોગના ફાયદા અને સાર્વત્રિક અપીલને પ્રકાશિત કરે છે.

સંયુક્ત રાષ્ટ્રએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, યોગ એ એક પ્રાચીન શારીરિક, માનસિક અને આધ્યાત્મિક પ્રથા છે જેનો ઉદ્દભવ ભારતમાં થયો છે. યોગ શબ્દ સંસ્કૃતમાંથી આવ્યો છે

## માણાવદર પીજીવીસીએલ ૨ની ટીમની બીપોરજોય વાવાઝોડામાં કાબેલેદાદ કામગીરી

માણાવદર પશ્ચિમ વિજ કચેરી ૨માં કુલ આઠ જયોતિ ગ્રામ ફીડરો તેમજ બાવીસ ગામનો સમાવેશ થાય છે. તેમજ ત્રીસ ખેતી વાડી ફીડરો માં સતત રાત દિવસ પી.જી.વી.સી.એલ.ની પાંચ ટીમ ખડે પગે રહી વિજ પૂરવઠો ખોરવાઈ જાય ત્યા તાત્કાલિક ટીમો પહોંચી અને ફોલ્ટ રીપેરીંગ કરી અને વીજ પુરવઠો તાત્કાલિક ચાલુ કરેલ હતો. જેમાં જૂનાગઢ પી.જી.વી.સી.એલ.ના એસી તેમજ એજયુકેટીવ



એન્જીનીયર ગણાત્રા ના માર્ગદર્શક નીચે માણાવદર પી.જી.વી.સી.એલ ૨ ના નાયબ ઈજનેર શ્રી ડી.એન.રૂપારેલીયા, જુનિયર એન્જીનીયર પીઠડીયા,મોદી, તેમજ ટેકનિકલ ટીમ એ તનતોડ મહેનત કરી હતી. ઘણી જગ્યાએ વૃક્ષો ધરાશાયી થઈ લાઈન ઉપર પડેલ હતા. તેમના લીધે વીજ વાયરો તુટી ગયેલ હતા. પણ તાત્કાલિક સમારકામ કરી વીજ પુરવઠો ચાલુ કરેલ હતો. આ કામગીરી થી ગ્રામ્ય જનો પી.જી.વી.સી.એલ.ના નાયબ ઈજનેર ડી.એન.રૂપારેલીયા તેમની ટીમ ની કાબેલે દાદ કામગીરી ની પ્રશંસા કરેલ છે. તસવીર અહેવાલ જીગ્નેશ પટેલ માણાવદર

# ગુજરાત રાજ્ય ઉપર ત્રાટકેલા 'બિપરજોય વાવાઝોડા' ને રાષ્ટ્રીય આપદા જાહેર કરી ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની જોગવાઈઓ સત્વરે પાલન કરવામાં આવે: કોંગ્રેસ




## 'બિપરજોય વાવાઝોડા'ના અસરગ્રસ્ત કચ્છ વિસ્તારોની મુલાકાત લેતા ગુજરાત કોંગ્રેસના અધ્યક્ષશ્રી શક્તિસિંહ ગોહિલ, વિપક્ષ નેતાશ્રી અમિત ચાવડા સહિતના આગેવાનો.

ગુજરાતમાં ત્રાટકેલા 'બિપરજોય વાવાઝોડા' ગ્રસ્ત વિસ્તારોની મુલાકાત બાદ રાજયના મુખ્યમંત્રીશ્રીને પત્ર લખી રાજ્યસભા સાંસદ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે આટલી મોટી કુદરતી આફતને રાષ્ટ્રીય આપદા જાહેર કરવાની માંગ કરતા જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્ય પર બિપરજોય વાવાઝોડાનો પ્રકોપ થઈ રહ્યો છે તેને શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. રાજ્યમાં ખુબ નુકશાન થયું છે ત્યારે આ કુદરતી આફતના સમયે કોંગ્રેસનો એક-એક કાર્યકરો -આગેવાનો સાથે મળીને તંત્રની સાથે ખભેથી ખભો મીલાવીને જ્યાં પણ વ્યક્તિગત રીતે જરૂર પડતી હોય ત્યાં વ્યવસ્થાતંત્રને મદદરૂપ બનશે. ફુડ પેકેટ અને જમવાની વ્યવસ્થા સહિતની કામગીરીમાં કોંગ્રેસ કાર્યકર-આગેવાન-હોદ્દેદારો જોડાયા છે. રાજયમાં કુદરતી આપદાની પરિસ્થિતિમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં ખુબ મોટા પાયે ખેડૂતો, માછીમારો,નાના વ્યાપારીઓ, માલધારીઓ અને લોકોના જાનમાલને નુકશાન થયેલું છે. આ કુદરતી આપદાને રાષ્ટ્રીય આપદા તરીકે તાત્કાલિક જાહેર કરવામાં આવે અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની જોગવાઈનું સત્વરે પાલન કરવામાં આવે, આ કપરા સમયમાં સરકાર ઉદાર હાથે આર્થિક સહાય કરે, જેથી કરીને ખેડૂત, નાનાં વ્યાપારીઓ સહિત જેમને નુકસાન થયું છે તેમનાં ધંધા-રોજગારનું જલ્દીથી પુનઃસ્થાપિત કરી શકાય. કેટલાય ગામડાઓમાં વીજ પુરવઠો ખોરવાયો છે, કેટલાય વિસ્તાર સંપર્ક વિહોણા થાય છે ત્યાં સરકારી તંત્ર સત્વરે પહોંચી કામગીરી કરે તેવી માંગ કરી હતી. તમામ અસરગ્રસ્ત પરિવારોને મદદ કરવા માટે કાર્યકરો-આગેવાનોને હાંકલ કરી હતી.કચ્છમાં વાવાઝોડાથી ખુબ જ નુકશાન થયું હોવાનું ગુજરાત વિધાનસભાના વિપક્ષ નેતાશ્રી અમીત ચાવડાએ જણાવ્યું છે. આ આપતિને રાષ્ટ્રીય આપદા જાહેર કરવા માંગ કરી છે. તેમણે જુદી-જુદી વ્યવસ્થાઓના સુચન સાથે કચ્છ કલેકટરને સોપ્યો હતો. કોંગ્રેસના આગેવાનો સાથે કચ્છમાં વિવિધ વિસ્તારોની મુલાકાત લઈ રહ્યા છીએ. કચ્છ અને સૌરાષ્ટ્રમાં મોટા પાયે ગામડાઓમાં વીજ પુરવઠો ખોરવાયો છે આ વીજ પુરવઠો તાત્કાલિક પુનઃ સ્થાપિત થાય તે આવશ્યક છે વીજ પુરવઠો ખોરવાવાને કારણે શુધ્ધ પાણી મેળવવામાં મુશ્કેલી પડી રહી છે અને જયાં ટેન્કરો દ્વારા પાણીના પહોંચાડવામાં સમય લાગે એમ હોય ત્યાં જનરેટર દ્વારા વિજળી પુરી પાડવી જરુરી છે. આ સિવાય સામાન્ય માણસોની ઘરો, ઝુંપડાઓ અને રોજગાર સ્થાનોને નુકશાન થયું છે તે લોકોને તાત્કાલિક પુનઃવસન માટેની વ્યવસ્થા કરવામાં આવે.

રાજયસભા સાંસદ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રદેશ પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલ, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખશ્રી રૂત્વિક મકવાણા, પૂર્વ ધારાસભ્યશ્રી ઈન્દ્રનીલ રાજગુરુ, જીલ્લા પ્રમુખશ્રી યજુવેન્દ્રસિંહ જાડેજા અને જીલ્લા પંચાયતના કોંગ્રેસ પક્ષના નેતાશ્રી વી.કે. હુંબલ સહિતના તમામ હોદ્દેદારો - પદાધિકારીઓએ અરસગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ કચ્છ કલેકટરને મળીને વિવિધ સુચનો કર્યા હતા.



ચેસ ઈન લેક સીટી ની મેજબાની માં ચેસ સ્પર્ધા ઓર્બિટ રિસોર્ટ ઉદયપુર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું . જેમાં ૫૭૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. દેશ વિદેશ થી દક્ષિણ આફ્રિકા, કેનેડા અને બાંગ્લાદેશના ખેલાડીઓએ ભાગ લીધો હતો. આયોજન ના પ્રમુખ સંજીવ ભારદ્વાજ, રાજીવ ભારદ્વાજ સાથે આ કાર્યક્રમના મુખ્ય અતિથિ ગુજરાતી સમાજ ના પ્રમુખ રાજેશ બી મહેતા અને ગુજરાતી સમાજના સચિવ દિનેશભાઈ પટેલ હાજર રહયા હતા .

## ગાંધીનગર મહાનગરપાલિકાની ફાયર ટીમ દ્વારા માંડવીમાં ૧૫ જેટલા નાગરિકોનો રેસ્ક્યૂ કરાયો

કચ્છ,

ગાંધીનગર મહાનગરપાલિકાની ફાયર વિભાગની એક ટીમ હાલમાં બિપરજોય વાવાઝોડાની રાહત કામગીરી માટે કચ્છ જિલ્લામાં કાર્યરત છે. આ ટીમ દ્વારા આજે સવારે ૯ કલાકે માંડવીના નિલકંઠ નગર ગામ ખાતે રેસ્ક્યૂની કામગીરી કરવામાં આવી હતી.



ગાંધીનગરની ટીમ દ્વારા ૧૫ જેટલા લોકોનો રેસ્ક્યૂ કરીને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.વાવાઝોડાને કારણે પાણીનો ભરાવો થતા તેમજ વૃક્ષોધરાશાયી થતા ફસાયેલા ૧૫ લોકોનું રેસ્ક્યૂ કરીને અર્ચના સ્કૂલ ખાતેના શેલ્ટર પર સુરક્ષિત રીતે ખસેડાયા હતા. આ નાગરિકોમાં એક વૃદ્ધ દિવ્યાંગ મહિલા અને બાળકોનો પણ રેસ્ક્યૂ કરવામાં આવ્યો હતો. ઈન્ચાર્જ ફાયર ઓફિસરશ્રી કૈઝાદ દસ્તૂરની આગેવાનીમાં ટીમ દ્વારા બચાવ કામગીરી કરવામાં આવી હતી.

## શ્રી અજયભાઈ એચ. પટેલ કો-ઓપરેટીવ બેંક ઓફ ઈન્ડિયા ( C O B I )ના ચેરમેનપદે પાંચ વર્ષ માટે બિનહરીફ ચુંટાયા

ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેંક લી.,ના ચેરમેનશ્રી અજયભાઇ એચ. પટેલ કો-ઓપરેટીવ બેંક ઓફ ઇન્ડિયા (ઝ્રૅં) નવી દિલ્હી ના ચેરમેનપદે આગામી પાંચ વર્ષ માટે બિનહરીફ ચુંટાઇ આવ્યા છે.

કો-ઓપરેટીવ બેંકીગ ક્ષેત્ર માટે દેશમાં એક સર્વોચ્ચ બેંક હોવી જોઈએ અને એપેક્ષ બેંક તરીકે કામ કરી શકે તે ઉદ્દેશથી, દેશમાસ્ટેટ કો-ઓપરેટીવ બેંકો,મલ્ટી સ્ટેટ અર્બન કો-ઓપરેટીવ બેંકો, વિવિધ નેશનલ કો-ઓપરેટીવ ફેડરશન, જમીન વિકાસ બેંકો તથા નેશનલ કો-ઓપરેટીવ યુનિયન ઓફ ઇન્ડિયા તેમજ અન્ય સંસ્થાઓ માટેની સ્થપાયેલી સર્વોચ્ચ બેંક એટલે કે ઝ્રૅંનું નેતૃત્વ શ્રી અજયભાઇ એચ. પટેલ દ્વારા કરવામાં આવશે.માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે દેશમાં સહકારી ચળવળને મજબૂત કરવા અને પાયાનાં સ્તરે તેની પહોંચ વધારે ગાઢ બનાવવાની મંજૂરી આપી દીધી છે. ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનાં દીર્ઘદ્રષ્ટાં નેતૃત્વ હેઠળ અને માનનીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઇ શાહનાં સક્ષમ માર્ગદર્શન હેઠળ''સહકારથીસમૃધ્ધિ''નાસિધ્ધાંતદ્વારા તથા રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના ''વનઅમ્બ્રેલા''નાવિચારહેઠળ દેશના અમૃતકાલમાં સહકારિતા મંત્રાલયે સમગ્ર રાષ્ટ્રની ક્રેડીટ કો-ઓપરેટીવ સંસ્થાઓના વિકાસ માટે જે મિશન ઉપાડેલ છેતે સાકાર કરવા ભારતીય કો-ઓપરેટીવ ક્રેડીટ માળખા થકી નાણાંકીય અને બેંકિંગ સેવાઓના વ્યાપ વધારવા માટે તેમજ તેને માર્ગદર્શન પુરૂ પાડવા માટે શ્રી અજયભાઇ એચ. પટેલ ના નેતૃત્વ હેઠળ કો-ઓપરેટીવ બેંક ઓફ ઇન્ડિયા (ઝ્રૅં)નવા સોપાનો સર કરશે.આજે દિલ્હીમાં કો-ઓપરેટીવ બેંક ઓફ ઇન્ડિયાની વાર્ષિક સાધારણ સભામાં શ્રી અજયભાઇ એચ. પટેલ બિનહરિફ ચુંટાયા બદલ શ્રી દિલિપભાઇ સંઘાણી, શ્રી ઘનશ્યામભાઇ અમીન તેમજ દેશની અને રાજ્યની જુદીજુદી કો-ઓપરેટીવ સંસ્થાઓનાચેરમેન તેમજ સહકારી અગ્રણી આગેવાનોએ શ્રી અજયભાઇ એચ. પટેલ ને ચેરમેન તરીકે થયેલ વરણી બદલ અભિનંદન પાઠવેલ હતા.

## અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની અખિલ ભારતીય કાર્ય કારિણી તથા અભ્યાસ વર્ગ તારીખ ૧૬-૧૭-૧૮ ના રોજ હરિદ્વાર ઉત્તરાખંડ ખાતે શરૂ




અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘનો અખિલ ભારતીય અભ્યાસવર્ગ તારીખ ૧૬-૧૭ જૂનના રોજ તથા અખિલ ભારતીય કાર્યકારિણી બેઠક ૧૭-૧૮ જૂનના રોજ હરિદ્વાર ઉત્તરાખંડ ખાતે પ્રારંભ થશે. જેમાં સમગ્ર ભારતમાંથી વિવિધ રાજયના મહત્વપૂર્ણ પદાધિકારી તથા પૂર્ણકાલીન વાનપ્રસ્થથી ઉપસ્થિત રહેશે. ગુજરાતમાંથી રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના અધ્યક્ષ ભીખાભાઈ પટેલ સહિત ૧૬ પદાધિકારી તથા પૂર્ણકાલીન કાર્યકર્તાઓ અપેક્ષિત અનુસાર આ બેઠકમાં ઉપસ્થિત છે. અખિલ ભારતીય અભ્યાસ વર્ગમાં કાર્યકર્તા ઘડતર, સંગઠન, કાર્યકર્તા વ્યવહાર જેવા વિષયો સાંકળી પદાધિકારીઓને સંગઠન વધુ મજબૂત બને તે માટે માર્ગદર્શન અપાશે. અખિલ ભારતીય કાર્યકારિણીમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, શિક્ષણ વિદ્યાર્થી તથા શિક્ષકોની રાષ્ટ્રીય વિષયોને અનુરૂપ વિવિધ સમસ્યાઓ, રાષ્ટ્રીયતા જેવા વિષયો પર ચર્ચા વિચારણા કરી ઠરાવ પસાર કરવામાં આવશે. ગુજરાતના રાષ્ટ્રીય કક્ષાના વિવિધ પડતર પ્રશ્નોની અખિલ ભારતીય કાર્યકારિણીમાં રજૂઆત કરવામાં આવશે જેમાં ઓલ્ડ પેન્શન યોજના મુખ્ય બની રહેશે રાષ્ટ્રીય કારોબારી બેઠક માં મહામંત્રી શ્રી મિતેષભાઈ ભટ્ટ ,સંગઠનમંત્રી શ્રી સરદારભાઈ મછાર ,કોષાધ્યક્ષશ્રી રમેશભાઈ ચૌધરી,મહિલા ઉપાધ્યક્ષ પલ્લવીબેન પટેલ તથા અભ્યાસ વર્ગ માં સરકારી માધ્યમિક સંવર્ગ અધ્યક્ષ મુળજીભાઈ ગઢવી ,આચાર્ય સંવર્ગ ઉપાધ્યક્ષ જીજ્ઞેશભાઈ પટેલ ,ભારતસિંહ સોલંકી ,પૂર્ણ કાલીન કાર્યકર્તા રુચાબેન વ્યાસ , અનિરુધ્ધસિંહ સોલંકી પરેશભાઈ પટેલ ,ચિરાગભાઈ પટેલ દશરથભાઈ રાવલ,દીનેશ ભાઈ પટેલ ,વિદ્યાબેન કુલકર્ણી સહિત કુલ એકવીસ જેટલા હોદેદારો અપેક્ષિત હતા જે ઉપસ્થિત રહ્યા .

## અમેરીકા,કેલિફોર્નિયાના હવાઈન ગાર્ડન (સીટી) ના ગાયત્રી મંદિર માં ગાયત્રી જયંતિ નિમિત્તે ૧૦૮ કુંડી યજ્ઞ યોજાયો.....

અમેરીકાના કેલિફોર્નિયા હવાઈન ગાર્ડન સ્થિત ગાયત્રી મંદિર તરફથી જૂન ૪,૨૦૨૩ ને રવિવારે ગાયત્રી ગાયત્રી મંદિરમાં ૧૦૮ કુંડી યજ્ઞ યોજાયો હતો... પ્રસંગની શરૂઆત બહેનોની કળશયાત્રા થી થઈ હતી. આ કળશયાત્રા ગાયત્રી મંદિરથી નીકળી યજ્ઞ સ્થળ, ફર્ગ્યુસન એલીમેન્ટરી સ્કૂલ ખાતે સવારે ૧૦-૦૦ કલાકે પહોંચી હતી. ત્યાર બાદ યજ્ઞ વિધિ શરુ થઈ હતી. આ યજ્ઞ વિધિ માટે ખાસ ગાયત્રી તપોવન, હરીદ્વારથી પૂ.ઉદયસિંહજી ચૌહાણ અને પૂ.ઓમકારભાઈ પધાર્યા હતા. તેઓ બન્ને મહાનુંભાવોએ મંદિરના મહારાજ પૂ.સુનિલભાઈ ત્રિવેદી અને મહિલા કાર્યકર્તા સૌ.ચિત્રાબેન જાધવનાં સહકારથી વિધિ-વિધાન અને સુધ્ધ મંત્રોચ્ચાર સાથે ગાયત્રી હવન ની વિધિ સંપન્ન કરી હતી. આ પ્રસંગ નો લાભ લગભગ ૪૫૦ ભક્તોએ લીધો હતો. આ પ્રસંગની પૂર્ણાહૂતિ આરતી તથા મહાપ્રસાદ સાથે થઈ હતી. આ મહાપ્રસાદ માટે ગાયત્રી મંદિરના મહિલા સ્વયંમસેવક ગણ સુધાબેન,પ્રવિણાબેન અને યોગીબેન એ સૌએ મંદિરમા જ મહાપ્રસાદ બનાવવાની ઉમદા સેવા આપી હતી. આ ગાયત્રીયજ્ઞનાં સુંદર પ્રયોજન માટે મંદિરના કાર્યકર્તા ભાઈઓ સર્વશ્રી અશોકભાઈ પટેલ, મણીભાઈ પઢીયાર તથા બહેનોએ સુંદર સેવા પ્રદાન કરીને પ્રસંગને સફળ બનાવ્યો હતો.

# બૂંદ અને સમુદ્ર :લઘુ કથા

અભિષેક અને મોહિત પિતરાઈ ભાઈ હતા. તેઓ પરીક્ષા આપી ને ગાંધી મેદાન થી બસ પકડવા માટે જઈ રહ્યાં હતાં. રસ્તા માં એક દુકાન પર ઊભા રહીને કંઈક ખાવા નું ખરીદે છે. તે સમયે એક વૃદ્ધ ગરીબ મહિલા તેઓની પાસે આવે છે અને અભિષેક ને કહે છે કે, "બેટા" સખત ભૂખ તરસ લાગી છે. થોડું કંઈક ખાવાનું આપી દો. ભગવાન તારું ભલુ કરશે.

અભિષેક જ્યારે પોતાના પાકીટ માં હાથ નાખે છે ત્યારે તેની પાસે પાંચસો ની એક જ નોટ હોય છે. મોહિત ના પાડી માથું હલાવે છે. અભિષેક એ પણ જોઈ રહ્યો હતો કે આ વૃદ્ધ ને કોઈ મદદ કરતું નથી. જલ્દી થી નોટ દુકાનદાર ને ધરે છે. ભાઈ, બે સમોસા અને પાણી ની બોટલ આપ.

પછી અભિષેક ભૂતકાળ ની યાદો માં ખોવાઈ જાય છે. તે ખૂબ નાનો હતો ત્યારે બસ માં તે પોતાના મોસાળ થી ઘેર આવી રહ્યો હતો. તે સમયે એક મહિલા બસ માં ચઢે છે. તે અક્ષિત ને કહે છે કે બેટા સવાર થી ભૂખી છું કંઈક ખાવા માટે આપ

અભિષેક ના હાથ માં લાડુ અને સફરજન હોય છે જલ્દી જલ્દી લાડુ વાળો હાથ પાછળ લઈ જઈ છુપાવી દે છે. અને સફરજન આગળ ધરે છે. જેને તેણે એક વાર બચકું ભર્યું હોય છે.

વૃદ્ધા માથું હલાવીને કહે છે કે, આપી પણ રહ્યા છો તે કોઈનું એઠું.

આ વાત અભિષેક ને ખરાબ લાગે છે. તે પોતાનો લાડુ આ વૃદ્ધ ને આપવા ઈચ્છે છે પરંતુ તે દેખાતી નથી. અભિષેક નું મન આત્મ ગ્લાનિ થી ભરાઈ જાય છે. તેને વારંવાર એક જ વાત યાદ આવે છે, આપી પણ રહ્યા છો તે પણ એઠું. તે વૃદ્ધ ને ખૂબ શોધે છે.

આ બાજુ તે વૃદ્ધ મહિલા પાણી પીને તૃપ્ત થઈ જાય છે. અને અભિષેક ને આશીર્વાદ આપી ચાલી જાય છે. બેટા તું ખૂબ પ્રગતિ કરો અને આગળ વધો. તે મને થોડું આપ્યું છે જો જે ઈશ્વર તને અનેકગણું વધારે દરિયા જેટલું આપશે અને આગળ વધો.

ઘેર પહોંચતા પિતાજી જોરદાર લાફો ઝીંકી દે છે. ભણવું લખવું તો છે નશી અને ખાલી નોટો ઉડાડે છે. આ આવ્યો મોટો પાંચસો ની નોટ છૂટી કરાવી પાણી પીવડાવવા વાળો. અમે પાઈ પાઈ ભેગી કરીએ છીએ ત્યારે ભણી એ છીએ રાજા અને પ્રજા વચ્ચે બનીએ છીએ સમુદ્ર. પહેલા કમાવો પછી ઉડાડો. પરંતુ અભિષેક આત્મ ગ્લાનિ થી મુક્ત થઈ પોતાને હળવો કરી રહ્યો છે. મીઠું હાસ્ય તેના ચહેરા ને સુંદર બનાવી રહ્યો છે. ત્યારે જાહેરાત સાંભળી ને સ્મૃતિ માથી નમસ્તે બહાર આવી જાય છે. નિખિલ ઉપેન્દ્ર આવી રહ્યા છે. કેપ્ટન અભિષેક ને પૂછે છે, શું થયું ઓફીસર? ક્યાં ખોવાઇ ગયા છો?

અભિષેક, કઈ નહીં, કોઈએ સત્ય કહ્યું છે કે, તમે થોડું આપ્યું છે તમને દરિયો ભરી ને મળશે. મેં તો બૂંદ જ આપી હતી અને મને દરિયો મળી ગયો.

નિખિલ શું વાત છે આજે શાયર બની ગયા છો કઈ. પછી બધા હસી પડ્યા અને દરિયા ને જોવા લાગ્યા.

**અનુવાદક :ડો ગુલાબ ચંદ પટેલ.**



**- રજની પ્રભા**

### પ્રગતિ મિત્ર મંડળ (બોરીવલી-કાંદિવલી) "શક્તિ મહિલા" વિભાગના ઉપક્રમે

## વર્ષ ૨૦૨૩-૨૪ના પ્રથમ કાર્યક્રમ "મુઝિકલ ઓકેસ્ટ્રા" નું આયોજન કાંદિવલી ખાતે કરવામાં આવ્યું હતું

ચેરપર્સન શ્રીમતી હર્ષદાબેન મહેતાએ સૌનું સ્વાગત કર્યું હતું.

કાર્યક્રમના મુખ્ય અતિથી શ્રીમતી ઉર્મિલાબેન કવા અને શ્રીમતી પદ્માબેન વોરા, ટ્રસ્ટીશ્રી રંજનબેન ભુતા અને ચેરપર્સન શ્રીમતી હર્ષદાબેનના હસ્તે દીપ પ્રાગટ્યકરવામાં આવ્યું હતું. તેઓએ "શક્તિ મહિલા" વિભાગને અભિનંદન આપ્યા હતાં અને આમંત્રણ આપવા બદલ આભાર માન્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન કો-ચેરપર્સન શ્રીમતી શિલ્પાબેન રાજયગુરૂએ કર્યું હતું.




શ્રીમતી મીનાબેન મહેતાએ સર્વ અતિથીઓનું પરિચય આપી અભિવાદન કર્યું હતું. સહમંત્રી જયંતિભાઈ ગાંધીએ હાજરીઆપી હતી.

મનસુખભાઈ અને પાર્ટી દ્વારા ગીત,સંગીતનો ધમાકેદાર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો અને બહેનોએ સમગ્ર કાર્યક્રમ ઉત્સાહપૂર્વક માણ્યો હતો.કો-ચેરપર્સન દિપ્તીબેન મહેતાએ આભારવિધિ કરી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.